માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ - ૨૦૦૫

# પ્રોએક્ટીવ ડીસ્કલોઝર

## વર્ષ :૨૦૦૭-૦૮


**પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી**

**અમદાવાદ મ્યુ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી,**

**લાલ બંગલાની પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ ની પાસે,**

**સીજી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬**

**ફોન નંબર : (૦૭૯) ૨૬૫૬૪૨૮૧, ૨૬૪૬૮૬૫૩**

**ફેક્સ નંબર : (૦૭૯) ૨૬૪૦૯૮૫૭**

**E-mail : macs_ahmedabad@nacoindia.org**

## પ્રકરણ-૧

## સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

**૧.૧ આ પુસ્તિકા (માહિતી અધિકાર અધિકાર અધિનિયમ-૨૦૦૬) ની પ્રશ્ચાત ભૂમિકા અંગે જાણકારી:**

આ પુસ્તિકા (માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૬)ની કલમ ૪(ખ) અન્વયે ૧૭ પ્રકારની માહિતીનું સંકલન કરીને તૈયાર કરવામાં આવી છે.

**૧.૨ આ પુસ્તિકાનો ઉદ્દેશ/હેતુ :**

આ પુસ્તિકાનો ઉદ્દેશ અમદાવાદ મ્યુ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા નેશનલ એઈડ્સ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે થઈ રહેલ કામગારીની માહિતી દર્શાવવાનો છે.

**૧.૩ આ પુસ્તિકા કઈ વ્યક્તિ/સંસ્થાઓ/સંગઠનો વગેરેને ઉપયોગી છે ?**

આ પુસ્તિકા માહિતી (મેળવવા) અધિકાર અધિનિયમ, ૨૦૦૬ ના અમલ અન્વયે જરૂરી માહિતી મેળવવા સંબંધિત જાહેર જનતા તેમજ સમાજની કોઈપણ વ્યક્તિઓ, સંસ્થાઓ અને સંગઠનોને ઉપયોગી છે.

**૧.૪ આ પુસ્તિકામાં આપેલ માહિતીનું માળખું :**

આ પુસ્તિકામાં આપેલ માહિતીનું માળખું નીચે પ્રમાણે છે.

| અ.નં. | વિગત | વિષય | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | પ્રકરણ-૧ | પ્રસ્તાવના | ૧-૪ |
| ૨. | પ્રકરણ-૨ (નિયમ સંગ્રહ-૪ખ-૧) | વ્યવસ્થા,તંત્ર, કાર્યો અને ફરજોની વિગતો | ૫-૯ |
| ૩. | પ્રકરણ-૩ નિયમ સંગ્રહ-૪-ખ-૨) | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો | ૧૦-૧૩ |
| ૪. | પ્રકરણ-૪ (નિયમ સંગ્ર-૪-ખ-૩) | દેખ રેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ. | ૧૪ |
| ૫. | પ્રકરણ-૫ (નિયમ સંગ્રહ-૪-ખ-૪) | કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો | ૧૪ |
| ૬. | પ્રકરણ-૬ (નિયમ સંગ્રહ-૪-ખ-૫) | કાર્યો બજાવવા માટે સોસાયટી દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનીયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ | ૧૪ |
| ૭. | પ્રકરણ-૭ (નિયમ સંગ્રહ-૪-ખ-૬) | સોસાયટી અથવા સોસાયટીના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોની વિગત | ૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૮. | પ્રકરણ-૮<br>નિયમ સંગ્રહ-૪-ખ-૭ | સોસાયટીની નીતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સહયોગ સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના દ્વારા રજૂઆત માટેની વિદ્યમાન કોઈ ગોઠવણી વિગતો | ૧૫ |
| ૯. | પ્રકરણ-૯<br>(નિયમ સંગ્રહ-૪ખ-૮) | સોસાયટીના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સીલ સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ ? અથવા તેવી બેઠકોની કાર્યનોધો લોકોને મળવા પાત્ર છે કે કેમ | ૧૫-૧૭ |
| ૧૦. | પ્રકરણ-૧૦<br>નિયમ સંગ્રહ-૪-ખ-૯) | સોસાયટી હસ્તકના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી | ૧૮-૧૯ |
| ૧૧. | પ્રકરણ-૧૧<br>(નિયમ સંગ્ર-૪-ખ-૧૦) | સોસાયટીના નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક વળતર. | ૧૯-૨૧ |
| ૧૨. | પ્રકરણ-૧૨<br>(નિયમ સંગ્રહ-૪-ખ-૧૧) | સોસાયટી હસ્તકની યોજનાઓ સમિતિ ખર્ચ અને કરેલી વહેંચણી પરના અહેવાલોની વિગતો | ૨૧-૩૫ |
| ૧૩. | પ્રકરણ-૧૩<br>(નિયમ સંગ્રહ-૪-ખ-૧૨) | ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોના અમલ/ બજવણીની રીતે | ૩૫ |
| ૧૪. | પ્રકરણ-૧૪<br>(નિયમ સંગ્રહ-૪-ખ-૧૩) | સોસાયટીએ આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારની વિગતો | ૩૬ |
| ૧૫. | પ્રકરણ-૧૫<br>(નિયમ સંગ્રહ-૪-ખ-૧૪) | ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ હોય તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનાલયના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાની વિગતો. | ૩૬ |
| ૧૬. | પ્રકરણ-૧૬<br>(નિયમ સંગ્રહ-૪-ખ-૧૫) | જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનાલયના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાની વિગતો. | ૩૬ |
| ૧૭. | પ્રકરણ-૧૭<br>(નિયમ સંગ્રહ-૪-ખ-૧૬) | જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દાઓ અને વિગતો | ૩૭ |

**૧.૫ વ્યાખ્યાઓ પુસ્તિકામાં વારવામાં આવેલ જુદા જુદા શબ્દોની વ્યાખ્યા આપવા બાબત.**

આ પુસ્તિકામાં આપવામાં આવેલ વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| એ.એમ.સી. એ.સી.એસ. | - | અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી |
| નાકો | - | નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓગ્રેનાઈઝેશન |
| એનજીઓ | - | નોન-ગવર્નમેન્ટ ઓગ્રેનાઈઝેશન (બિનસરકારી સંસ્થા) |
| એસઓઈ | - | સ્ટેટમેન્ટ ઓફ એક્સપેન્ડીચર (ખર્ચપત્રક) |
| યુટીસી | - | યુટીલાઈઝેશન સર્ટીફીકેટ (નાણાં વપરાશ પ્રમાણપત્ર) |
| વીસીટીસી | - | વોલંટરી કાઉન્સેલીંગ ટેસ્ટીંગ સેન્ટર |
| બીટીસી | - | બ્લડ ટેસ્ટીંગ સેન્ટર |
| એમઓબી | - | મોડર્નાઈઝેશન ઓફ બ્લડબેંક |
| પીપીટીસીટી | - | પ્રિવેન્શન ઓફ પેરન્ટસ ટુ ચાઈલ્ડ ટ્રાન્સમીશન |
| એસટીડી | - | સેક્સ્યુઅલી ટ્રાન્સમીટેડ ડીસીઝીઝ (જાતિય રોગો) |
| બીસીએસયુ | - | બ્લડ કોમ્પોનન્ટ સેપરેશન યુનીટ |
| ઝેડબીટીસી | - | ઝોનલ બ્લડ ટેસ્ટીંગ સેન્ટર |

**૧.૬ જાહેર જનતા સમુદાયની કોઈપણ વ્યક્તિ આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અને વધુ માહિતી મેળવવા માંગે તો સંપર્ક વ્યક્તિ**

જાહેર જનતા સમુદાયની કોઈપણ વ્યક્તિ આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા ઈચ્છા ધરાવે તો તે માટે સંબંધિત વ્યક્તિઓ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટીના નીચે દર્શાવેલ અધિકારીનો કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરી શકશે.

| | | |
|---|---|---|
| **મદદનીશ જાહેર અધિકારી** | - | **ફાઈનાન્સ ઓફીસર** |
| **જાહેર માહિતી અધિકારી** | - | **પ્રોજેક્ટ ડાયરેક્ટર** |

**૧.૭ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તેવી માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ અને ભરવાની થતી ફી.**

કાર્યપધ્ધતિ - આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તો તેવી માહિતી મેળવવા ઈચ્છા ધરાવતી કોઈપણ વ્યક્તિ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટીની કચેરીમાં જાહેર માહિતી અધિકારી કે મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકે નિમણુંક પામેલ અધિકારીઓનો કામકાજના દિવસે અને સમય દરમ્યાન સંપર્ક કરી શકશે. જાહેર માહિતી અધિકારી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકે નિમાયેલ અધિકારીઓની વિગતો આ પુસ્તિકામાં જ પ્રકરણ-૧૭ હેઠળ અધિનિયમની કલમ-૪(ખ)(૧૬) અન્વયે પાન નંબર ૨૨ ઉપર દર્શાવેલ છે.

**ફી - ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત સરકારશ્રી તરફથી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગના તા. ૫-૧૦-૦૫ ના અધિસૂચના ક્રમાંક : જીએસ-૩૦-૨૬૬૪-આરટીઆ-સેલમાં નક્કી થયા પ્રમાણે નીચે દર્શાવ્યા પ્રમાણેની ફી ભરવાની રહેશે.**

**(અ) અરજીની ફી - રૂા.૨૦-૦૦ પ્રતિ અરજી દીઠ**

**(બ) અન્ય ફીના દર**

**(૧) પ્રસિધ્ધ થયેલ બુકલેટ/દસ્તાવેજની બુકલેટ/દસ્તાવેજ પ્રસિધ્ધી કિંમત**

**(૨) અન્ય માહિતી/દસ્તાવેજ**

| | | |
|---|---|---|
| **(ક) એ-૪,એ-૩ સાઈઝના પેપર** | - | પ્રત્યેક પેપર દીઠ રૂા. ૨.૦૦ |
| **(ખ) ખોટી સાઈઝના પેપર જેટલી માહિતી** | - | પ્રત્યેક પેપર દીઠ થયેલ ખર્ચ જેટલી કીંમત |
| **(ગ) નમૂના મોડલ ક ફોટોગ્રાફી માટે** | - | પ્રત્યેક દીઠ થયેલ ખર્ચ જેટલી રકમ |
| **(ઘ) ઓફીસ રેકર્ડ ચકાસણી પેટે** | - | શરૂઆતના અડધા કલાક જેટલા સમયની કોઈ ફી નહી. ત્યારબાદ પ્રત્યેક અડધા કલાક દીઠ રૂા.૨૦/- ના દરે |

ટીપ્પણ - જે ખાતા/કચેરીઓમાં ઓફીસ રેકર્ડમાં ચકાસણી હાલ જે દર અને સમય નક્કી થયેલ હોય જે તે જ ધોરણે ચાલુ રહેશે. પરિણામે ઉપર ટાંકેલ ધોરણ લાગુ પડશે નહી.

| | | |
|---|---|---|
| **(ચ) જે કિસ્સામાં શક્ય હોય તેવા કિસ્સામાં** ફલોપી કે ડીસ્ક દ્વારા પૂરી પાડવાની માહિતી અંગેના કિસ્સામાં. | - | પ્રતિ ફલોપી કે ડીસ્ક દીઠ રૂા. ૫૦/-ના ધોરણે. |

## પ્રકરણ -૨

## નિયમ સંગ્રહ -૪ -ખ -૧

## સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

અમદાવાદ શહેરમાં એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અમલીકરણ માટે વિશ્વબેંક તેમજ બ્રિટીશ હાઈ કમીશનના ડીએફઆઈડી-ડીપાર્ટમેન્ટ ફોર ઈન્ટર નેશનલ ડેવલપમેન્ટ તરફથી ભારત સરકારના આરોગ્ય મંત્રાલય નવી દિલ્હી હસ્તકના નાકો - નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન મારફતે મળતી નાણાંકીય સહાયથી અમદાવાદ મ્યુ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટીની સ્વાયત સંસ્થા તરીકે ૧૯૯૭-૯૮ થી હાલ અમદાવાદ ખાતે લાલ બંગલા પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬ સ્થળે કાર્યરત છે. આ સોસાયટીની રચના અમદાવાદ મ્યુ. કોર્પોરેશન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧૯૯૭-૯૮માં થયેલ ઠરાવ અન્વયે થયેલ છે. આ સોસાયટીના વડા તરીકે પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી છે. જેમના નિયંત્રણ હેઠળ નીચે દર્શાવ્યા પ્રમાણેના અધિકારીઓ અને અન્ય કર્મચારીગણનું વહીવટી માળખું અસ્તિત્વમાં છે.

| | | |
|---|---|---|
| (૧) પ્રોજેક્ટ ડાયરેક્ટર | - | ૧ સોસાયટીના વડા |
| (૨) નાયબ નિયામકશ્રી (બ્લડ સેફટી) | - | ૧ |
| (૩) નાયબ નિયામકશ્રી (એસટીડી) | - | ૧ |
| (૪) નાયબ નિયામકશ્રી (સર્વેલન્સ) | - | ૧ |
| (૫) નાયબ નિયાકશ્રી (આઈઈસી) | - | ૧ |
| (૬) એન.જી.ઓ. એડવાઈઝર | - | ૧ |
| (૭) પ્રોક્યોરમેન્ટ ઓફીસર | - | ૧ |
| (૮) ફાયનાન્સ મેનેજર | - | ૧ |
| (૯) ફાયનાન્સ ઓફીસર | - | ૧ |
| (૧૦) મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુએશન ઓફીસર | - | ૧ |
| (૧૧) ડોક્યુમેન્ટેશન એન્ડ પબ્લિકેશન ઓફીસર | - | ૧ |
| (૧૨) ડ્રગ ઈન્સ્પેકટર | - | ૧ |
| (૧૩) એકાઉન્ટન્ટ | - | ૧ |
| (૧૪) એકાઉન્ટ આસીસ્ટન્ટ | - | ૧ |

| | | |
|---|---|---|
| (૧૫) પર્સનલ આસીસ્ટન્ટ | - | ૧ |
| (૧૬) કોમ્પ્યુટર લીટરેટ સ્ટેનો | - | ૩ |
| (૧૭) ડીવીઝનલ આસીસ્ટન્ટ | - | ૨ |
| (૧૮) મેસેન્જર | - | ૧ |
| (૧૯) ડ્રાઈવર, | - | ૧ |

સોસાયટી હસ્તકના ઉપર દર્શાવેલ અધિકારી/કર્મચારીઓની કાર્ય અને ફરજો માટે સંબંધિત અધિકારીઓની વહીવટી માળખાની વિગત દર્શાવતો ચાર્ટ પાના ૨૩ ઉપર દર્શાવેલ છે. આ અધિકારીઓ/કર્મચારીઓ સામુહિક રીતે અમદાવાદ શહેરમાં એઈડ્સ વિષયક સંબંધિત તાંત્રિક વિભાગ/યુનિટ મારફતે જનસમુદાયમાં **આ રોગની ભયાનકતા અંગે વધુને વધુ જાગૃતિ લાવવા ઉપરાંત રોગ થવાના કારણો, લક્ષણો અને સાવચેતી તે જ સઘન સારવાર ઉપલબ્ધી અંગેની સંબંધિત કાર્યવાહી કરે છે.**

એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના આરોગ્ય તબીબી અને સેવાઓ અને તબીબી શિક્ષણ સેવાઓના સહયોગથી આ વિભાગો હસ્તકની શહેરની મ્યુ. હોસ્પિટલોમાં બ્લડબેંકોની સુવિધા ઉપલબ્ધ કરીને એઈડ્સ નિયંત્રણ અંગેની કામગીરી થાય છે.

આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં શહેરની મોટાભાગની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત માન્ય બ્લડબેંકોના સહયોગથી પણ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ કામગીરી થઈ રહી છે.

૧૯૯૭-૯૮ પહેલાં એઈડ્સ નિયંત્રણની કામગીરી રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના આરોગ્ય કમિશ્નરશ્રી દ્વારા સ્ટેટ એઈડ્સ સેલ તરીકે વર્ષ ૧૯૯૨ થી ૧૯૯૭-૯૮ સુધી થતી હતી.

એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ આ સોસાયટી દ્વારા નીચે દર્શાવેલ યોજનાકીય કામગીરી થઈ રહેલ છે.

**૧. લક્ષિત દરમ્યાનગીરીનો કાર્યક્રમ :-**

શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ જોખમી જૂથોમાં વિવિધ લક્ષિત દરમ્યાનગીરી સાથે સંકળાયેલ હોવાના કારણે અમદાવાદ શહેરમાં સૌથી લક્ષીત દરમ્યાનગીરી કાર્યક્રમનું આયોજન અને અમલીકરણ થાય છે.

**૨. સેન્ટીનલ સર્વેલન્સ :-**

પ્રતિવર્ષ આયોજીત કરાતા સેન્ટીનલ સર્વેલન્સ પ્રમાણે વર્ષ ૨૦૦૪ દરમ્યાન જોખમી જાતિય વર્તણુંક ધરાવતા જૂથોની ટકાવારી પણ ૪.૪૮ ટકાની રહી છે. કે જે અગાઉના વર્ષ ૪.૪૮ ટકા હતી અને સગર્ભા બહેનોમાં વર્ષ ૦૪-૦૫માં ૦.૨૫ ટકા અને ૦૫-૦૬માં ૦.૦૦ ટકા માલુમ પડેલ હતી.

**૩. સુરક્ષિત લોહી :-**

રક્ત સલામતી કાર્યક્રમ હેઠળ અમદાવાદ મ્યુ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી તેમજ ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન સાથે સંલગ્ન બ્લડબેંકો તરફથી રક્ત એકઠું કરવાની પ્રક્રિયામાં સને ૧૯૯૪થી શરૂ કરવામાં આવી જેમાં ઉત્તરોત્તર વધારો થતો રહેલ છે.

**૪. જાતિય રોગ અટકાવવા માટેનો કાર્યક્રમ :-**

જાતિય રોગને અટકાવવા અને સારવાર માટે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી તરફથી દરેક સરકારી અને મ્યુનિસીપલ હોસ્પિટલો ખાતે જાતિય રોગના દર્દીઓની સારવાર માટે એસટીડી (સેક્સ્યુઅલી ટ્રાન્સમીટેડ ડીસીઝીઝ) ક્લીનીકમાં દવાઓ પૂરી પાડવામાં આવે છે.

**૫. સ્વૈચ્છિક સંપરામર્શ અને પરીક્ષણ કેન્દ્રો :-**

શહેરની સરકારી તેમજ કોર્પોરેશન હસ્તકની હોસ્પિટલોમાં સ્વૈચ્છિક પરામર્શ અને પરીક્ષણ કેન્દ્રો ચાલી રહ્યા છે. જેમાં લોહીના નમુનાની એચ.આઈ.વી. તપાસ કરવામાં આવે છે તેમજ તપાસ પહેલા અને તપાસ પછીનું સંપરામર્શ પુરૂ પાડવામાં આવે છે.

**૬. માતા-પિતાથી તેના બાળકને લાગતા ચેપને અટકાવવા માટેનો કાર્યક્રમ :-**

શહેરી કક્ષાની સરકારી તેમજ મ્યુ. કોર્પોરેશન હસ્તકની હોસ્પિટલોમાં આ કાર્યક્રમ માટે પીપીટીસીટી કેન્દ્રો (પ્રિવેન્ટશન ઓફ પેરન્ટસ ટુ ચાઈલ્ડ ટ્રાન્સમીશન ડીસીઝ) ચાલે છે. જેમાં એચ.આઈ.વી. પોઝીટીવ સગર્ભા માતા અને તેના બાળકને આ કેન્દ્ર મારફતે તપાસ તથા નિવીરેપીન નામક દવા આપવાનો કાર્યક્રમ ચાલે છે.

**૭. એચ.આઈ.વી./એઈડ્સ વિષયક તાલીમ કાર્યક્રમ :-**

શહેરમાં આવેલ તમામ સરકારી તેમજ કોર્પોરેશન હોસ્પિટલોમાં એચઆઈવી/એઈડ્સનો ચેપ ધરાવતા અને એઈડ્સના દર્દીને તકવાદી રોગોની પુરતી સારવાર અને સહાય મળી રહે તે માટે

એચઆઈવી/એઈડ્સ અને જાતિય રોગોની અદ્યતન જાણકારી અને પ્રશિક્ષણ મળી રહે તે માટે આ સોસાયટી દ્વારા સમયાંતરે ડોક્ટરો નર્સ અને આરોગ્ય કાર્યકરોને તાલીમ વર્ગમાં તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

**૮. એચઆઈવી/એઈડ્સના દર્દીઓને સારવાર :-**

શહેરની તમામ સરકારી તેમજ કોર્પોરેશન હોસ્પિટલોમાં એચઆઈવી/એઈડ્સના દર્દીઓ માટે તકવાદી રોગોની સારવાર ઉપલબ્ધ કરેલ છે. વિશેષમાં માર્ચ-૨૦૦૫થી ભારત સરકારના નાકો - નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન, નવી દિલ્હીની સહાયથી સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે મેડીસીન વિભાગમાં એ.આર.ટી. સેન્ટર (એન્ટી રીટ્રો-વાઈરલ ટીટમેન્ટ સેન્ટર) શરૂ કરવામાં આવેલ છે. જ્યાં એન્ટીરીટ્રો વાઈરલ સારવાર માટે વિનામૂલ્યે દવાઓ આપવામાં આવે છે.

**૯. સ્કૂલ એઈડ્સ એજ્યુકેશન કાર્યક્રમ :-**

સ્કુલ એઈડ્સ એજ્યુકેશન કાર્યક્રમ હેઠળ રાજ્યમાં કક્ષા ૯ અને ૧૧ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એચઆઈવી/એઈડ્સ વિષય અંગેની જાણકારી તેમજ શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં એપ્રિલ ૨૦૦૬થી આ કાર્યક્રમ ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગ (જીસીઈઆરટી)ને સોપવામાં આવેલ છે.

**૧૦. જન જાગૃતિ કાર્યક્રમ :-**

જનસમુદાયમાં એચઆઈવી/એઈડ્સ વિષયક જાણકારી અંગેની સાચી સમજ મળી રહે તેમજ ગેરમાન્યતાઓ દૂર થાય તે માટે વિવિધ પ્રચાર અને પ્રસાર માધ્યમોના ઉપયોગ દ્વારા લોકોમાં જાગૃતિ આવે તે માટે કાર્યક્રમો આપવામાં આવે છે. રેડીયો, ટી.વી. પ્રિન્ટ મીડીયા, લોકમાધ્યમોના કાર્યક્રમો આયોજીત કરીને તેમજ આંતર વ્યક્તિક સંચાર જેવા વિવિધ માધ્યમોથી એચ.આઈ.વી./એઈડ્સ રોગ અંગે જાગૃતિ લાવવા માટે કાર્યક્રમો આયોજીત કરવામાં આવે છે તેમજ આ તમામ માહિતી અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની વેબ સાઈટ ઉપર પણ મુકેલ છે.

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ ખાતે માહિતી મેળવવા અધિકારી અધિનિયમ-૨૦૦૫ હેઠળ નીચે પ્રમાણેનું વ્યવસ્થાતંત્ર ઉપલબ્ધ છે.

સોસાયટીની કચેરી નીચેના સરનામે કાર્યરત છે.

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી

લાલ બંગલાની પાછળ,

નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ ની પાસે,

સીજી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન નં. ૦૭૯- ૨૬૪૬૮૬૫૩, ૨૬૫૬૪૨૮૧

ફેક્સ નં. ૦૭૯-૨૬૪૦૯૮૫૭

E-mail : macs_ahmedabad@nacoindia.org

| | | |
|---|---|---|
| જાહેર મદદનીશ માહિતી અધિકારી | - | ફાઈનાન્સ ઓફીસર |
| જાહેર માહિતી અધિકારી | - | પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| એપેલેન્ટ ઓથીરીટી | - | આરોગ્ય અધિકારી શ્રી<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન. |

## પ્રકરણ - ૩

## નિયમ સંગ્રહ : ૪-ખ-૨

## અધિકારીઓ/કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

**૩.૧ સોસાયટી હસ્તકના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગત નીચે પ્રમાણે છે.**

**(૧) પ્રોજેક્ટ ડાયરેક્ટર :-**

તેઓ સોસાયટીના વડા હોઈ સંસ્થાના એટલે કે ખાતાના વડા તરીકેની તમામ વહીવટી અને નાણાંકીય સત્તાઓ ધરાવે છે. ઉપરાંત સોસાયટીની ગવર્નીંગ બોડી દ્વારા બેઠકમાં અપાયેલ વિશેષ સત્તાઓ પણ ધરાવે છે. જેમાં સોસાયટીના વહીવટી માળખા ઉપરના સમગ્ર સંવર્ગો ઉપર નિમણુંક કરવાની સત્તા ઉપરાંત તેવા અધિકારી/કર્મચારીઓની સેવા સંલગ્ન તમામ પ્રકારની વહીવટી અને નાણાંકીય સત્તાઓ.

ખાતાના વડાની રૂએ - ઉપરાંત ગવર્નીંગ બોડી દ્વારા અપાયેલ નાણાંકીય સત્તાઓ. જેમાં એચઆઈવી/એઈડ્સ વિષયક કાર્યક્રમો સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાંકીય અનુદાન આપવાની સત્તા.

એચ.આઈ.વી./એઈડ્સ કાર્યક્રમના અમલીકરણ માટે શહેરમાં આવેલ અન્ય પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ અને સહકાર મેળવવાની કાર્યવાહી પણ સોસાયટીના વડા તરીકે પ્રોડેક્ટ ડાયરેક્ટરશ્રી દ્વારા હાથ ધરાય છે.

**(૩) નાયબ નિયામકશ્રી (સુરક્ષિત લોહી) :-**

સોસાયટી દ્વારા ચાલી રહેલ રક્ત સલામતી કાર્યક્રમના અમલીકરણમાં તજજ્ઞ અધિકારી તરીકે આ કાર્યક્રમને સંલગ્ન તમામ દરખાસ્તોની પૂર્વ ચકાસણી અંગેની કામગીરી/ફરજો બજાવવાની રહે છે.

**(૪) નાયબ નિયામક (સર્વેલન્સ) :-**

સોસાયટી દ્વારા ચાલી રહેલ વિવિધ કાર્યક્રમો પૈકી સેન્ટીનલ સર્વેલન્સ ઉપરાંત અન્ય ટેકનીકલ બાબતોમાં પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીને મદદરૂપ બનીને જરૂરી સૂચનો સાથે પ્રોગ્રામનું વધુ સફળતા પૂર્વક અમલીકરણ થાય તે અંગેની કામગીરી અને ફરજો.

**(૫) નાયબ નિયામકશ્રી (આઈઈસી)/ આઈઈસી ઓફીસર) :-**

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળના વિવિધ પ્રોગ્રામોને અનુરૂપ પ્રચાર અને પ્રસાર માધ્યમની સફળતાપૂર્વક કામગીરી માટે પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન અને સલાહ મુજબ કામગીરી બજાવવાની ફરજો.

**(૬) નાયબ નિયામકશ્રી (એસટીડી) :-**

સોસાયટી દ્વારા એચ.આઈ.વી./એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમના પ્રોગ્રામો પૈકીની જાતિય રોગોના અટકાવ અને સારવાર અંગેની કામગીરી માટે તેઓ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન અને સલાહમુજબ પ્રોગ્રામ ઓફીસર તરીકેની કામગીરી અંગેની ફરજો બજાવવાની રહે છે.

**(૯) એન. જી. ઓ. એડવાઈઝર :**

એચ.આઈ.વી./એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રોજેક્ટમાં શહેરભરમાંથી સ્વૈચ્છીક સંસ્થાઓને સાંકળીને તેઓને અપાતા/મંજુર કરાતા આયોજન અને નિયત કરાયેલ માપદંડ પ્રમાણેની કામગીરી થતી રહે, તે માટે નિરીક્ષણ અને સમયાંતરે સ્થળ ઉપરની મુલાકાત અને ચકાસણી બાદ જરૂરી સૂચનો સહીત સફળતાપૂર્વક કાર્યક્રમ ચાલે તે માટે આ અધિકારીશ્રીએ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન અને સલાહ સૂચન મુજબ ફરજ બજાવવાની રહે છે.

**(૧૦) પ્રોક્યોરમેન્ટ ઓફીસર :-**

એચ.આઈ.વી./એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રોગ્રામોમાં હોસ્પિટલ તેમજ આ કાર્યક્રમ સાથે સંકળાયેલ સંસ્થાઓમાં વિશ્વબેંક પ્રસ્થાપિત નાકો નવી દિલ્હી દ્વારા વખતો વખત મળતા પરિપત્રો /સૂચનો અનુસાર ખરીદ પધ્ધતિ અનુસાર સાધન/સામગ્રી જે તે હોસ્પિટલ / સંસ્થાને ખરીદ કરાઈને પૂરી પડાય તે અંગેની પ્રસ્થાપિત કાર્યપધ્ધતિને લગતી કામગીરી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની પૂર્વ મંજુરીથી તેમના માર્ગદર્શન અને સલાહ મુજબની કામગીરી આ અધિકારીશ્રીએ કરવાની રહે છે.

**(૧૧) ફાઈનાન્સ ઓફીસર :-**

ફાઈનાન્સ ઓફીસરશ્રીએ સોસાયટી દ્વારા ચાલી રહેલ એચ.આઈ.વી./એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળની યોજનાઓને અનુરૂપ નાણાંકીય બાબતોને લગતી તમામ કામગીરી તેમના ઉચ્ચ અધિકારીની સલાહ સૂચન અને માર્ગદર્શન મુજબની કામગીરી બજાવવાની રહે છે.

**(૧૪) મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુએશન ઓફીસર :-**

મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુએશન ઓફીસરશ્રીએ એઈડ્સ કંટ્રોલ નિયંત્રણ પ્રોગ્રામ હેઠળ મંજુર થયેલ વાર્ષિક કાર્યક્રમ પ્રમાણે વિવિધ યોજનાઓનું આયોજન પ્રમાણે અમલીકરણ અને લક્ષ્યાંક સહીત કામગીરી પ્રોજેક્ટર ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ ફરજ બજાવવાની રહે છે.

**(૧૫) ડોક્યુમેન્ટેશન એન્ડ પબ્લિકેશન ઓફીસર :-**

ડોક્યુમેન્ટેશન એન્ડ પબ્લિકેશન ઓફીસરશ્રીએ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમને લગતા વિવિધ વિષયક આંકડાકીય માહિતી સહ ડોક્યુમેન્ટસ તૈયાર કરીને પ્રસિધ્ધિ માટે પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સમક્ષ પૂર્વ મંજુરી માટે રજૂ કરવા અંગેની કામગીરી બજાવવાની રહે છે.

**(૧૬) સોસાયટી હસ્તક વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓ :-**

ફાઈનાન્સ ઓફીસરશ્રીના માર્ગદર્શન હેઠળ અને તે જ પ્રમાણે વહીવટી સંવર્ગના વર્ગ-૩ ના કર્મચારીઓ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ વહીવટને લગતી કામગીરી બજાવે છે.

**(૧૭) ડ્રગ ઈન્સ્પેક્ટર :-**

ડ્રગ ઈન્સ્પેક્ટર સંવર્ગના કર્મચારી એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ હેઠળ જુદા જુદા પ્રોજક્ટ અન્વયે હોસ્પિટલોમાં એચઆઈવી/એઈડ્સના દર્દીઓની તેમજ જાતિય રોગોના દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવાઓની ખરીદી અંગેની કાર્યવાહી પ્રોજેક્ટર ડાયરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવાની રહે છે.

**પ્રકરણ - ૪**

**નિયમ સંગ્રહ : ૪-ખ-૩**

**માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતી :-**

એચ.આઈ.વી/ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ અંગેની કામગીરી માટે ભારત સરકાર, નવી દિલ્હી હસ્તકના નાકો (નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન) તરફથી વખતોવખતના મળતી રહેતી સૂચનાઓ/પરિપત્રો અનુસાર કામગીરી થતી રહે છે.

આ કામગીરીના ભાગરૂપે નીતિવિષયક નિર્ણયો લેવા માટે સોસાયટીની રચના કરવા અંગેના સરકારી આદેશમાં નિર્દેશ કરાયા મુજબ શહેરકક્ષાએ ગવર્નીંગ બોડીની રચનાકરવામાં આવેલ છે.

**પ્રકરણ - ૫**

**નિયમ સંગ્રહ : ૪- ખ -૪**

**પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલા ધોરણો :-**

એચ.આઈ.વી/ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ અંગેની કામગીરી બજાવવા સોસાયટી દ્વારા પોતાના કોઈ અલાયદા ધોરણો નક્કી કરાયેલ નથી, પરંતુ ભારત સરકાર નાકો નવી દિલ્હી હસ્તકના નાકો - નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન તરફથી મળતી રહેતી સૂચનાઓ અને પરિપત્રોને આધીન નિયત કરાયેલ કામગીરી થતી રહે છે.

**પ્રકરણ - ૬**

**નિયમ સંગ્રહ : ૪-ખ-૫**

**પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનીયમો, સૂચના, નિયમ સંગ્રહો અને રેકર્ડ :-**

એચ.આઈ.વી/ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓને લગતી કામગીરી માટે સોસાયટીના પોતાના કોઈ ચોક્કસ નિયમો, સંગ્રહ કે વિનીયમો નક્કી કરાયેલ નથી, પરંતુ ભારત સરકાર નવી દિલ્હી હસ્તક્ના નાકો નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન તરફથી મળતી રહેતી સૂચનાઓ અને પરિપત્રો અનુસાર નિયત કરાયેલ કામગીરી થતી રહે છે. તદુપરાંત જે કિસ્સામાં સોસાયટીના પોતાના કોઈ નિયમો નક્કી થયેલ ન હોય, તેવા કિસ્સાઓમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનશ્રીના સંબંધિત નિયમોને આધીન કાર્યવાહી થાય છે.

**પ્રકરણ - ૭**

**નિયમ સંગ્રહ : ૪ -ખ -૬**

**પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક :**

એચ.આઈ.વી/ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વિવિધ હેઠળની વિવિધ પ્રવૃત્તિઓની કામગીરી અન્વયે, સોસાયટી દ્વારા કોઈ અલાયદા ડોક્યુમેન્ટસ પ્રસિધ્ધ કરવામાં આવેલ નથી કે નક્કી થયેલ નથી.

**પ્રકરણ - ૮**

**નિયમ સંગ્રહ : ૪ -ખ -૭**

**સોસાયટીના નીતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનીયમ માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિધમાન કોઈ ગોઠવણી વિગતો :-**

એચ.આઈ.વી/ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ પ્રવૃત્તિઓને લગતી કામગીરી માટે આ સોસાયટી સાથે સંકળાયેલ પ્રોજેક્ટ સપોર્ટ યુનીટ કાર્યરત છે. જે સંસ્થા શહેરભરની સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્યક્રમમાં રસ ધરાવતી હોય તેઓને અપાયેલ પ્રોજેક્ટ પ્રમાણેની કામગીરીનું નિરીક્ષણ અને ચકાસણી તે સંસ્થાના અધિકારીઓ દ્વારા કરાવે છે. આમ સમયાંતરે પ્રસંગોપાત જનતાના સભ્યો તરફથી પૃચ્છા થાય તેવા સમયે જરૂરી વિગતોથી તેઓને માહિતગાર કરવામાં આવે છે.

**પ્રકરણ - ૯**

**નિયમ સંગ્રહ : ૪- ખ- ૮**

**સોસાયટીના ભાગ તરીકે અથવા તેની સલાહ ના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલ બોર્ડ કાઉન્સીલો, સમિતિઓ અને બીજા મંડળની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ ?**

એચ.આઈ.વી/ એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમની રોજબરોજની કામગીરી વધુ સંગીન રીતે થઈ શકે તે માટે રાજ્ય સરકારે સોસાયટી માટે ગવર્નીંગ બોડીની રચના કરવા માટે આદેશો કરેલ

છે. જેમાં નીચે દર્શાવેલ અધિકારીઓ/ સદસ્યોને ગવર્નીંગ બોડીના સભ્યો તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

૧. **મ્યુ. કમિશ્નર શ્રી**
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન.

૨. **ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી**
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન.

૩. **ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી**
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન.

૪. **એમ.ઓ.એચ. શ્રી**
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન.

૫. **પ્રોજેક્ટ ડીરેક્ટરશ્રી**
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી

૬. **પી.એલ.ડબલ્યુ.એ. પ્રતિનિધી**

૭. **બે એનજીઓ પ્રતિનીધી**

૮. **પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી**
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ટીબી કન્ટ્રોલ સોસાયટી

સોસાયટીની ઉપરોક્ત કમિટીની આ મિટીંગમાં નીતિવિષયક બાબતોના મુદ્દાઓની ચર્ચા થયા બાદ જે કોઇ આખરી નિર્ણય થાય તે અંગેની બેઠકની કાર્યવાહીની વિગતો દર્શાવતો પરિપત્ર તમામ સભ્યોને જાણકારી માટે અને અમલીકરણ માટે મોકલવાની હોતી નથી.

## પ્રકરણ - ૧૦

## નિયમ સંગ્રહ : ૪ : ખ : ૯

**તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા :-**

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી હસ્તકના અધિકારીઓ/કર્મચારીની વિગતો નીચે પ્રમાણે છે.

| ક્રમ | નામ અને હોદ્દો | ફોન નં. |
|---|---|---|
| ૧. | ડો. લક્ષ્મણ મલોડીયા<br>પ્રોજેક્ટ ડાયરેક્ટર,<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ | ૨૬૪૦૯૮૫૭ |
| ૨. | ડો. કાર્તિક શાહ<br>ડે. ડાયરેક્ટર બ્લડ સેફટી,<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ | ૨૬૪૬૮૬૫૩ |
| ૩. | શ્રીમતી હેતલબેન મહેતા<br>ફાઇનાન્સ ઓફીસર,<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ | ૨૬૪૬૮૬૫૩ |
| ૪. | શ્રીમતી હિનાબેન મોદી<br>મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુએશન ઓફીસર,<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ | ૨૬૪૬૮૬૫૩ |
| ૫. | શ્રી વી.રાજન અય્યર<br>પી.એ. ટુ પ્રોજેક્ટ ડાયરેક્ટર,<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ | ૨૬૪૬૮૬૫૩ |
| ૬. | શ્રીમતી સ્વાતિબેન પંડીત,<br>ડીવીઝનલ આસીસ્ટન્ટ (ફાઇનાન્સ)<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ | ૨૬૪૬૮૬૫૩ |
| ૭. | શ્રી ભરત યાદવ,<br>ડ્રાયવર,<br>અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ | ૨૬૪૬૮૬૫૩ |

## પ્રકરણ -૧૧
## નિયમ સંગ્રહ : ૪ : ખ :૧૦

**સોસાયટીના નિતીનીયમોમાં જોગવાઇ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહીત તેની દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક પગાર ધોરણ.**

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટી હસ્તકના અધિકારીઓ/કર્મચારીઓને મળતા માસિક પગાર ધોરણની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | નામ અને હોદ્દો | કઇ પધ્ધતિથી નિમાયા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | ડો. લક્ષ્મણ મલોડીયા<br>પ્રોજેક્ટ ડાયરેક્ટર, | અમદાવાદ મ્યુ. કોર્પોરેશન માંથી પ્રતિનિયુક્તિના ધોરણે | (૧૦૦૦૦-૧૫૨૦૦) |
| ૨ | ડો. કાર્તિક શાહ<br>ડે. ડાયરેક્ટર બ્લડ સેફટી, | અમદાવાદ મ્યુ. કોર્પોરેશન માંથી પ્રતિનિયુક્તિના ધોરણે | (૮૦૦૦-૧૩૫૦૦) |
| ૩ | શ્રીમતી હેતલબેન મહેતા<br>ફાઇનાન્સ ઓફીસર, | કરારબધ્ધ નિમણુંક | રૂા. ૧૭,૩૬૪/-<br>(ફીક્સ પગાર) |
| ૪. | શ્રીમતી હિનાબેન મોદી<br>મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુએશન ઓફીસર, | કરારબધ્ધ નિમણુંક | રૂા. ૧૧,૫૭૬/-<br>(ફીક્સ પગાર) |
| ૫. | શ્રી વી.રાજન અય્યર<br>પી.એ. ટુ પ્રોજેક્ટ ડાયરેક્ટર, | કરારબધ્ધ નિમણુંક | રૂા. ૭,૬૫૮/-<br>(ફીક્સ પગાર) |
| ૬. | શ્રીમતી સ્વાતિબેન પંડીત,<br>ડીવીઝનલ આસીસ્ટન્ટ (ફાઇનાન્સ) | કરારબધ્ધ નિમણુંક | રૂા. ૭,૨૯૩/-<br>(ફીક્સ પગાર) |
| ૭. | શ્રી ભરત યાદવ,<br>ડ્રાયવર, | કરારબધ્ધ નિમણુંક | રૂા. ૬,૩૬૭/-<br>(ફીક્સ પગાર) |

## પ્રકરણ - ૧૨
## નિયમ સંગ્રહ : ૪ : ખ : ૧૧

**તમામ યોજનાઓ સૂચિત ખર્ચ અને કરેલ વહેંચણી પરના અહેવાલની વિગતો દર્શાવતી દરેક એજન્સીને ફાળવાયેલ અંદાજપત્ર**

એચઆઇવી/એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિોની કામગીરી માટે નીચે દર્શાવેલ વિગતો પ્રમાણે ભારત સરકાર નવી દિલ્હીના નાકો-નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન તરફથી સુચિત ખર્ચ માટે રકમ મંજુર થયેલ છે.

| ક્રમ | યોજના ઘટક | નેશન લ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝે શન (NACO) સહાયિત રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| ૧ | પ્રિવેન્શન ઓફ ન્યુ ઇન્ફેક્શન હાઇ રીસ્ક ગૃપ | ૫૦૯.૦૭ |
| ૨ | કેર એન્ડ સપોર્ટ | ૦૦.૦૦ |
| ૩ | ઇન્ટીટ્યુશનલ સ્ટ્રેન્ધનીંગ | ૯૨.૦૦ |
| ૫ | સ્ટ્રેન્ધનીંગ સ્ટ્રેટેજીક ઇન્ફોર્મેશન | ૦૨.૦૦ |
| | મેનેજમેન્ટ સીસ્ટમ | |
| | **કુલ** | **૬૦૩.૦૭** |

ઉપર દર્શાવેલ મંજુર થયેલ વાર્ષિક જોગવાઇમાથી શહેરની વિવિધ એજન્સી/સ્વૈચ્છિક સંસ્થાઓને નીચે દર્શાવ્યા પ્રમાણેની વિગત મુજબ મંજુર થયેલ વાર્ષિક ગ્રાન્ટની સામે દર્શાવેલ રકમ મુજબ ફાળવણી/વહેંચાણી કરવાંમાં આવે છે.

| ક્રમ | સંસ્થાનનું નામ | મંજૂર થયેલ વાર્ષિક ગ્રાન્ટ વર્ષ : ૨૦૦૭-૦૮ રકમ લાખમાં | ફાળવાયેલ રકમ વર્ષ :૨૦૦૭-૦૮ રકમ લાખમાં |
|---|---|---|---|
| ૧ | કોર્મશીયલ સેકસ વર્કર માટે(૧ પ્રોજેકટ) | ૨૬.૪૮ | ૨૪.૮૦ |
| ૨ | એમ.એસ.એમ. માટે (૧ પ્રોજેકટ) | ૨૦.૮૦ | ૨૦.૭૮ |
| ૩ | કોમ્પોઝીટ ગ્રુપ | ૨૨૮.૫૭ | ૨૨૧.૦૦ |

**<u>સ્કુલ એઈડ્સ એજ્યુકેશન પ્રોગ્રામ :-</u>**

સ્કુલ એઈડ્સ એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત છેલ્લા ૪ વર્ષથી ૧૩ એનજીઓ મારફત ૪૪૦ સ્કુલ આવરી લેવામાં આવી છે. અને હવે એપ્રિલ ૨૦૦૬ થી સ્કુલ એઈડ્સ એજ્યુકેશન કાર્યક્રમનો હવાલો ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગને સોંપવામાં આવેલ છે. હવેથી આ સમગ્ર કાર્યક્રમનું અમલીકરણ તેમની કચેરીએથી થશે.

## પ્રકરણ - ૧૩
## નિયમ સંગ્રહ - ૪ : ખ : (૧૨)

**ફાળવેલ રકમો અને સેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત :**

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ અંગેની વિવિધ પ્રવૃત્તિઓને કામગીરી માટે ફાળવવામાં આવતી રકમો, ભારત સરકાર, નવી દિલ્હીના નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન તરફથીનક્કી કરાયેલ માપદંડ અને મળતી રહેતી સૂચનાઓ/પરિપત્રોને આધીન નાણાંકીય ફાળવણી, આ કાર્યક્રમ સાથે સંકાળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓને ફાળવવામાં આવે છે. આર્થિક સહાય/નાણાંકીય ગ્રાન્ટ જે તે સંસ્થા માટે નક્કી કરતા પહેલાં સંસ્થા તરફથી મળેલ દરખાસ્ત સંદર્ભે આ સોસાયટી સાથે સંકળાયેલ પ્રોજેકટ સપોર્ટ યુનીટના ક્ષેત્રીય અધિકારીઓને આવી સંસ્થાઓની મુલાકાત લઈ જે તે સંસ્થા, નાણાંકિય ગ્રાન્ટ મેળવવા જરૂરી પાત્રતા ધરાવે છે કે કેમ તે અંગેની સ્થળ ઉપર જ ચકાસણી કરીને તજજ્ઞ અધિકારી તેમનો અહેવાલ રજુ કરે છે. જેની ઉપર પ્રવર્તમાન ધોરણો સાથે ચકાસણી કરીને આખરી નિર્ણય લઈ ફાળવણી કવામાં આવે છે. આ ફાળવણી પ્રમાણે જે તે સંસ્થા કાર્યક્રમના અમલીકરણ માટે નીતિનિયમો અનુસાર ખર્ચ કરે છે અને ફાળવાયેલ ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચના અસલ વાઉચરો જેના સંપૂર્ણ હિસાબ સહીત, પ્રોજેકટ સપોર્ટ યુનિટના અધિકારીઓ દ્વારા ચકાસણી કરાવીને તેઓના અભિપ્રાય સાથે સોસાયટીમાં રજુ કરાય છે. જેની આખરી ચકાસણી ઓડીટ અને ફાઈનાન્સ યુનિટના અધિકારીઓ/કર્મચારીગણ દ્વારા થાય છે. આ સમ્રગ પ્રક્રિયા નાકો, નવી દિલ્હીની ગાઈડલાઈન અને વખતોવખત મળતી રહેતી સૂચના/પરિપત્રોને આધીન હાથ ધરાયા છે.

## પ્રકરણ - ૧૪

## નિયમ સંગ્રહ - ૪ ક ખ : (૧૩)

**આપેલ છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળનારાની વિગતો :**

એચઆઈવી/એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ નિયંત્રણ કાર્યક્રમ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ માટે નક્કી કરાયેલ માપદંડ કે સૂચનાઓમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને છૂટછાટો આપવામાં આવેલ નથી. જેથી તેવી પરવાનગીઓ કે અધિકૃતિઓ મેળવનારાની કોઇ વિગતો પ્રસ્તુત કરાયેલ નથી.

## પ્રકરણ - ૧૫
## નિયમ સંગ્રહ - ૪ : ખ : (૧૪)

**ઈલેકટ્રોનીક સ્વરૂપમાં તેને ઉપલબ્દ અથળા તેણે ધરાવેલ માહિતીને લગતી વગિતો :**

પ્રકરણ -ર હેઠળ સંગઠનની વિગતો, કાર્યો અને ફરજોમાં કરેલ વિવિધ યોજનાઓ અંગેના કાર્યકમો હાથ ધરવા માટે એઈડ્ઝ નિયંત્રણ કાર્યક્રમ - ભારત સરકાર, નવી દિલ્હી હસ્તકના નાકો નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓગ્રેનાઉઝેશન દ્વારા દરેક વિષયક નક્કી થયેલ ગાઇડ લાઇન અનુસાર કામગીરી હાથ ધરવામાં આવે છે અને આવા કિસ્સાઓ પૈકી નીતિ વિષયક નિર્ણયો માટે ગવર્નીંગ બોડીની બેઠકમાં રજુ કરવામાં આવે છે.

એચઆઈવી/એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમને લગતી આંકડા માહિતી સોસાયટીની વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ રાખવામાં આવે છે.

## પ્રકરણ - ૧૬
## નિયમ સંગ્રહ - ૪ : ખ : (૧૫)

**જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનલયના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો.**

એચઆઈવી/એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમને લગતી વિવિધ પ્રવૃત્તિઓ અને જાણકારી નાગરિકોને મળી રહે તે માટે શહેરમાં નિઃશુલ્ક હેલ્પ લાઇન - ૧૦૫૧ ઉપલબ્ધ છે. જે નંબર ઉપરથી એચઆઇવી/એઇડ્ની જાણકારી મેળવી શકાય છે.

તદુપરાંત દૈનિક સમાચારપત્રો આકાશવાણી અને દૂરદર્શનના મધ્યમથી પ્રસંગોપાત જાહેરાતો આપીને જનસમૂદાયને જાણકારી આપવામાં આવે છે.

## પ્રકરણ - ૧૭
## નિયમ સંગ્રહ - ૪ : ખ : (૧૬)

**જાહેર માહિતી અધિકારીઓના નામો હોદ્દાઓ અને બીજી વિગતો :**

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન એઇડ્સ કંટ્રોલ સોસાયટીમાં જાહેર માહિતી અધિકારી તરીકે નીચે દર્શાવેલ અધિકારીને જાહેર કરવામાં આવેલ છે. તેઓનું સરનામું અને ફોન નંબર, નીચે પ્રમાણે છે.

ફાઇનાન્સ ઓફીસર
જાહેર માહિતી અધિકારી
લાલ બંગલાની પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ ની પાસે,
સીજી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન નંબર : (૦૭૯) ૨૬૫૬૪૨૮૧, ૨૬૪૬૮૬૫૩
ફેક્સ નંબર : (૦૭૯) ૨૬૪૦૯૮૫૭
**E-mail : acs_amc@icenet.net**

## પ્રકરણ - ૧૮

## નિયમ સંગ્રહ - ૪ : ખ : (૧૭)

**ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી પ્રસિધ્ધ કરવી જોઇશે અને ત્યારપછી દરવર્ષ આ પ્રસિધ્ધિઓને અદ્યયન કરવી જોઇશે.**

એચઆઇવી/એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમને સંલગ્ન જરૂરી તમામ માહિતીનો પ્રકરણ -૧ થી ૧૭ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. તેમાં નવી કોઇ યોજના કે પ્રોજેકટનો ઉમેરો થશે તેવા સંજાગોમાં તેને સંલગ્ન માહિતીનો ઉમેરો કરી સુધારેલ આવૃત્તિ પ્રસિધ્ધિ કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી,

લાલ બંગલાની પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ ની પાસે,

સીજી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

**સંસ્થાકીય માળખુ**



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એઈડ્સ કંટ્રોલ સોસાયટી,

લાલ બંગલાની પાછળ, નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ ની પાસે,

સીજી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

## સંસ્થાકીય માળખુ

